આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૩૦ | ૨૯ ઓક્ટોબર, ૨૦૧૨, સોમવાર; આસો સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

અસફળતા હંમેશાં પોતાના ખોળામાં સફળતાના ફૂલ લઇને જ આવતી હોય છે
- મિલ્ટન

આજે મુખ્ય ચૂંટણી કમિશ્નર ગુજરાતમાં

સંપતની આજે જુદા-જુદા પક્ષના નેતા સાથે મિટિંગ
ભાજપનો ખેસ પહેરી કામ કરતા કેટલાક અધિકારીઓની વિરોધમાં કોંગી રજુઆત કરશે : બધા રજુઆતના મૂડમાં

ગાંધીનગર, તા. ૨૮ ચૂંટણી પંચ આવતીકાલ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને ભારતનું તા.૨૯મીને સોમવારે ગુજરાતના પ્રવાસે આવી રહ્યું છે. મુખ્ય ચુંટણી કમિશનર સંપત તમામ રાજકીય પક્ષોને મળીને તેમની રજુઆતો સાંભળશે પક્ષોને મળીને તેમની રજુઆતો સાંભળશે. ઉપરાંત પોલીસના ઉચ્ચ અધિકારીઓ તેમજ જિલ્લા કલેક્ટરોની બેઠક યોજીને રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરીને અહેવાલ મેળવશે તેમ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ કેન્દ્રિય ચૂંટણીપંચના મુખ્ય ચૂંટણી કમિશનર સંપત સહિત પંચના અધિકારીઓ આજે મોડી રાત્રે અમદાવાદ આવી પહોંચશે અને આવતીકાલ તા.૨૯મીને સોમવારે સવારથી જ જુદી-જુદી બેઠકો યોજીને જાત માહિતી મેળવશે. પ્રદેશ કોંગ્રેસનું પ્રતિનિધિ મંડળ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાના નેતૃત્વમાં સવારે ૧૦ વાગ્યે મુખ્ય ચુંટણી કમિશનરને મળી આવેદનપત્ર આપીને રજુઆત કરશે. કોંગ્રેસ દ્વારા એવી રજુઆત કરવામાં આવશે કે રાજ્ય સરકારના કેટલાક અધિકારીઓ ફરિયાદ કરવા છતા હજુ ભાજપ તરફી કાર્ય કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

શિયાળાના આગમનના એંધાણા - શિયાળાની શરૂઆત થઈ રહી છે... થોડા દિવસો પહેલાં ગુલાબી ઠંડીનો અનુભવ થતો હતો. પણ ધીમે ધીમે શિયાળાની ઠંડીનો પણ અનુભવ થવા માંડ્યો છે. વહેલી સવારે તો ઠંડી ચમકારો બતાવી રહી છે. શ્રમિકો જ્યારે રોજીરોટી માટે વહેલી સવારે નિકળે છે ત્યારે ખરેખર એવું જ લાગે કે શિયાળાની ઠંડી આવી પહોંચી છે....

અમિત શાહ ચૂંટણી લડશે

અમદાવાદ,તા. ૨૮ સમગ્ર દેશને હચમચાવી

મુકનાર શોહરાબુદ્દીન શેખ અને તુલસીરામ પ્રજાપતિ બનાવટી એન્કાઉન્ટર મામલે આરોપી અને ગુજરાતના પૂર્વ પ્રધાન અમિત શાહે આજે કહ્યું હતું કે તેઓ આગામી વિધાનસભાની ચૂંટણી લડવા માટે તૈયાર છે. તેઓ ચૂંટણી લડવા નિર્ણય કરી ચુકયા છે. હાલમાં જામીન પર રહેલા અમિત શાહે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે તેઓ માત્ર ચૂંટણી જ લડશે નહી બલ્કે ભવ્ય અને જંગી મત અંતરથી પણ જીત મેળવનાર છે. તેમણે અમદાવાદમાં પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે તેમની ભવ્ય જીત થશે. ગયા વખતે અમિત શાહ ૨.૫૦ લાખના મત અંતરથી સરખેજ વિધાનસભાની બેઠક પરથી જીતી ગયા હતા. સીમાંકન બાદ હવે તેમાં ત્રણ ભાગલા થઇ ગયા છે. વેજલપુર,

● અનુસંધાન પાન-૭ પર

શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હવે ડિસેમ્બરમાં

જિલ્લાના ૪ લાખ બાળકોના આરોગ્યની ચકાસણી થશે

ગાંધીનગર, તા. ૨૮

રાજયની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના આરોગ્યનો કાર્યક્રમ ચૂંટણીપંચની આચારસંહિતાને કારણે ૨૪મી ડિસેમ્બરથી યોજવામાં આવશે.

સામાન્યતઃ ૧૯૯૧ થી યોજાતો શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ ૧૪મી નવેમ્બરથી શરૂ થતો હતો અને તે જાન્યુઆરીની મધ્ય સુધી ચાલતો હતો. રાજયની તમામ પ્રા. શાળાના બાળકોના આરોગ્યની ચકાસણી આ કાર્યક્રમ દ્વારા કરવામાં આવતી હોય છે. જે બાળકને ઓપરેશનની જરૂરિયાત જણાય તો તેનો તમામ ખર્ચ સરકાર ભોગવતી હોય છે.

આ વર્ષે ચૂંટણી પંચની આચારસંહિતા અમલમાં આવી જતાં હવે આ કાર્યક્રમ રાજયના આરોગ્ય વિભાગ દ્વારા ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં આરંભાશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આરોગ્ય વિભાગનો સૌથી મહત્વાકાંક્ષીઆ પ્રોજેક્ટમાં રાજયના ૫૦ લાખથી પણ વધુ બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે. આ વખતે કાર્યક્રમ મોડો શરૂ થવાનો હોવાથી આરોગ્ય સપ્તાહની ઉજવણી સાથે આ કાર્યક્રમ નહિ યોજાય પરંતુ સીધી જ બાળકોના આરોગ્યની ચકાસણીનો કાર્યક્રમ યોજાશે.

આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્તથતી વિગતો મુજબ આ કાર્યક્રમનું આયોજન માટેની તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરી દેવામાં આવી છે.

ચૂંટણીપંચની આચારસંહિતા સંપન્ન થયા બાદ તુરત જ આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે અને ફેબ્રુઆરીની મધ્ય સુધીમાં તમામ બાળકોની ચકાસણી સંપન્ન થશે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં અંદાજે ચાર લાખ જેટલા બાળકોના આરોગ્યની ચકાસણી આ ઝુંબેશ દરમ્યાન કરવામાં આવશે. આ માટેનું આયોજન પણ તંત્ર દ્વારા હાથ ધરી દેવામાં આવ્યું છે.

ભાવસિંહના કોંગ્રેસ પ્રવેશ અંગે હજુ પણ સસ્પેન્શન યથાવત

ગાંધીનગર, તા. ૨૮

ભાજપના ધારાસભ્ય ભાવસિંહ રાઠોડ ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાશે કે નહી એ અંગે હજુ પણ સસ્પેન્શ રહેવા પામ્યું છે.

કોંગ્રેસના વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ભાજપના સમી હારીજના ધારાસભ્ય ભાવસિંહ રાઠોડની બેઠક નવા સિમાંકનમાં અન્ય બેઠકમાં ભળી જતાં હવે તેમને નવી બેઠક શોધવાનો વારો આવ્યો છે.

ભાવસિંહ રાઠોડે રાધનપુર બેઠક પર દાવેદારી કરી હતી જો કે ભાજપમાંથી તેમને આ બેઠક માટે હકારાત્મક પ્રતિભાવ ન મળતાં તેઓ નારાજ થયા છે અને ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાવા માટેના પ્રયાસો હાથ ધર્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

છેલ્લા કેટલાક દિવસોથી ભાવસિંહ ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાશે તેવી વાતો વહેતી થવા પામી છે કે જો કે હજુ સુધી વિધિવત રીતે ભાવસિંહે ભાજપ છોડ્યું નથી કે કોંગ્રેસમાં પણ જોડાયા નથી. જેના કારણે અનેક રાજકીય તર્કવીતર્કો સર્જાયા છે.

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેકટર માટે
સોમનાથ ઈલેકટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬